
# યોગીજી મહારાજના માહાત્મ્યને જીવતા
# ભગવા હૃદયના અનુપમ સાધુજીવનના પરિચય

Glimpse of the inimitable ashram life of self-reliant
Sadhus with a saffron heart living Mahatmya of Brahmaswarup Yogiji Maharaj



Anoopam
Mission

બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના આશીર્વાદથી
ભારતના સનાતન આધ્યાત્મિક દર્શન શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને
આધુનિક યુગમાં
પ્રગટ ગુરુહરિ સાહેબજીની નિશ્રામાં જીવતા
ભગવા હૃદયના સ્વાશ્રયી સાધુના
અનુપમ આશ્રમજીવનની ઝાંખી


Anoopam Mission

Brahmajyoti
Shree Swaminarayan Spiritual Cultural & Community Centre
Yogiji Marg, Mogri 388 345, Gujarat, India
+91 2692 230544/230483 | amindia@anoopam.org | www.anoopam.org


Presenting a glimpse of
the inimitable ashram life of self-reliant Sadhus
with a saffron heart
blessed by Brahmaswarup Yogiji Maharaj
exemplifying the eternal spiritual philosophy of India
Shri Akshar Purushottam Upasana in the modern era
under Guruhari Sahebji's haven



અક્ષરબ્રહ્મ
શ્રી ગુણાતીતાનંદ સ્વામી
Aksharbrahma
Shri Gunatitanand Swami

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ
શ્રી સ્વામિનારાયણ ભગવાન
Parabrahma Purushottam Narayan
Shri Swaminarayan Bhagwan

# જીવનદષ્ટિ
# Life-View

गुणातीतोक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः ।
जनो जानन्निदं सत्यं मुच्यते भव-बंधनात् ॥

ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે.
ભગવાન પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે.
જે જન આ સત્ય સિદ્ધાંત જાણે-સમજે છે
તે ભવબંધનથી મુક્ત થાય છે.

The knowledge of the Truth that,
Shri Gunatitanand Swami is Aksharbrahma and
Shri Swaminarayan Bhagwan is Purushottam Narayan,
liberates the knower from all worldly bonds.



## શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના : અનુપમ મિશનનો દાર્શનિક આધાર

શ્રી સ્વામિનારાયણ ભગવાને માનવજાતને સર્વ પ્રકારનાં દુ:ખમાંથી શાશ્વત મુક્તિ પ્રાપ્ત કરાવવા અને જીવનમાં પરમ આનંદ, શાંતિ અને દિવ્યતાના સહજ અનુભવ કરાવવા સનાતન હિન્દુ અધ્યાત્મદર્શન અને સર્વ સદ્‌ગ્રંથોના સારરૂપે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સરળ માર્ગ સ્થાપ્યો. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અનુપમ મિશનનો દાર્શનિક આધાર છે.

‘આ પૃથ્વી પર ગુણાતીતભાવને પામેલા ભગવાનના ધારક સાધુ થકી અમે સદાકાળ પ્રગટ રહીશું...’ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના અભય વરદાનના ફળ સ્વરૂપે તેઓ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી (ઈ.સ. ૧૭૮૪થી ૧૮૬૭) સ્વરૂપે પ્રગટ રહ્યા. તદ્‌પશ્ચાત્, અક્ષર અને પુરુષોત્તમના અદ્વય તત્ત્વના ધારક ગુણાતીત સંતો દ્વારા આજ દિવસ પર્યંત શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર પ્રગટ છે, સાકાર છે અને શાશ્વતકાળ રહેશે.

## Shri Akshar Purushottam Uapsana: Anoopam Mission’s Philosophical Foundation

Shri Swaminarayan Bhagwan established the simple spiritual path of Shri Akshar Purushottam Upasana, the essence of Sanatan Hindu spiritual philosophy and all scriptures, to enable mankind to attain eternal liberation from all kinds of sorrows and to experience supreme joy, peace and divinity in life. Shri Akshar Purushottam Upasana is the philosophical basis of Anoopam Mission.

'We shall remain eternally manifest on earth through the Sadhu, the bearer of God who has attained Gunatitbhav...' As a result of such blessing, Shri Swaminarayan Bhagwan remained manifest in the form of Aksharbrahma Shri Gunatitanand Swami (1784 to 1867 AD). Thereafter, Shri Swaminarayan Bhagwan is manifest on this earth till this day through the Gunatit saints, the bearer of the integral and non-dual spiritual element of Akshar and Purushottam, and shall remain so for eternity.



## પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી

પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી આજે ભગવાનના ધારક ગુણાતીત સંત છે. આવા ગુણાતીત સંત સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થવાથી જ અક્ષરધામરૂપ થવાય છે, પુરુષોત્તમની સેવાનો અધિકાર મળે છે અને મહામુક્તની સ્થિતિ પમાય છે.

ભગવાનના ધારક પ્રગટ ગુણાતીત સંતની કૃપાશિષ પામી અને પ્રસન્નતા પ્રાપ્ત કરી પ્રભુના સંબંધવાળા સર્વમાં પ્રભુનાં દર્શન કરી, તેઓ સાથે વર્તનવ્યવહાર કરીએ, સૌના ગુણ જોઈએ અને ગાઈએ તથા તેઓના અખંડ સમાગમથી તેઓની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થતાં સહજ સરળ રીતે માન, સ્વાદ, સ્નેહ, લોભ અને કામ આદિ સર્વ દોષ અને મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે.

## Guruhari Sant Bhagwant Sahebji


The manifest Guruhari Sant Bhagwant Sahebji is today such a Gunatit Saint. Only by nurturing indissoluble Love with such a transcendent Gunatit Saint can one attain the state of being as Akshardham, and be bestowed with the right to serve the Supreme Being and attain the state of Mahamukta.


One can attain inner happiness, and thus get rid of all the imperfections and basic ignorance by attaining the grace and blissful blessings of the manifest Gunatit Saint. Perceiving God in all His creation while interacting with them, seeing virtues of all, and sustaining a constant spiritual association with saint are three such spiritual practices that could lead one to attain the grace and blissful blessings of the manifest Gunatit Saint.

## શ્રી અક્ષરપુરુષોત્તમના અદ્વય તત્ત્વના ધારક ગુણાતીત સંતોની પરંપરા



બ્રહ્મસ્વરૂપ
શ્રી ભગતજી મહારાજ
Brahmaswarup
Shri Bhagatji Maharaj






બ્રહ્મસ્વરૂપ
શ્રી શાસ્ત્રીજી મહારાજ
Brahmaswarup
Shri Shastriji Maharaj

અનુપમ મિશનના અદ્વિતીય અને અજોડ સાધનાપથના પ્રેરક
૨૦મી સદીના એક મહાનતમ્ યુગવિભૂતિ સંત
બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ છે.
ભારતનાં સર્વ સનાતન આધ્યાત્મિક સદ્‌શાસ્ત્રોના સારરૂપ નિષ્કામ અને અનાસક્ત કર્મયોગ દ્વારા
ભગવાનધારક ગુરુની આજ્ઞા અનુસાર જીવન જીવતા મનુષ્ય ભગવા રંગનાં વસ્ત્ર ધારણ કર્યાં વિના પણ
પોતાનાં હૃદયને ભગવાં કરી પોતાનાં જીવન ભક્તિરૂપે
પ્રભુને પ્રસન્ન કરવા પ્રભુનાં દિવ્ય કાર્યો માટે સમર્પિત કરી શકે તે સૈદ્ધાંતિક સંકલ્પનાને
બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે અનુપમ મિશનના ભગવાં હૃદયના સાધુઓનાં નિર્માણ દ્વારા
આ પૃથ્વી ઉપર સર્વ પ્રથમવાર સાકાર કરી. અનુપમ મિશનના આ સાધનાપથને સાકાર કરી
બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે આ પૃથ્વી પર એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિના મંગલ આરંભ કર્યા.
અને, આ આધ્યાત્મિક ઉત્ક્રાંતિના જ્યોતિર્ધર રૂપે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે
પોતાના અત્યંત પ્રિય યુવા શિષ્ય જશભાઈ (ગુરુહરિ સંતભગવંત સાહેબજી)ને સુકાન સોંપી
પોતાની અંતરની પ્રસન્નતા સાથે સર્વ ઐશ્વર્ય અને દિવ્ય સામર્થ્યના આશીર્વાદ આપ્યા.

## Gunatit saints – the bearer of the integral spiritual element of Shree Akshar Purushottam



બ્રહ્મસ્વરૂપ
શ્રી જાગા સ્વામીજી
Brahmaswarup
Shri Jaga Swamiji





બ્રહ્મસ્વરૂપ
શ્રી કૃષ્ણજી અદા
Brahmaswarup
Shri Krushnaji Ada

Brahmaswarup Gurudev Yogiji Maharaj, one of the greatest seers of the 20th century
is the inspiration behind the unique sadhana path of Anoopam Mission.
A human being, without wearing saffron-colored clothes,
can transform his / her life and dedicate it to the divine works of God,
by living life according to the command of the Guru,
is the essence of all the eternal spiritual scriptures of India.
Brahmaswarup Gurudev Yogiji Maharaj, for the first time on this earth,
realized the creation of such Sadhus of Anoopam Mission with a saffron heart,
who are practising selfless devotion and Nishkam Karma Yoga.
By inspiring this Sadhana path, Brahmaswarup Gurudev Yogiji Maharaj, indeed,
originated a spiritual evolution on this earth.
And, as the luminary of this spiritual evolution,
he handed over the helm to his most beloved young disciple
Jashbhai (Guruhari Sant Bhagwant Sahebji)
blessing him with his inner joy, all opulence and divine power.

## શિક્ષણ : યોગી વિદ્યાપીઠની નિશ્રામાં સંસ્કારયુક્ત શ્રેષ્ઠ શૈક્ષણિક સેવાઓ



શારદા મંદિર, નડિયાદ
Sharda Mandir, Nadiad



આનંદ બાલવાડી, પ્રજ્ઞાનતીર્થ, મોગરી
Anand Balwadi, Pragnan Tirth, Mogri



જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, પ્રજ્ઞાનતીર્થ, મોગરી
Gnanyagna Vidyalaya, Pragnan Tirth, Mogri



અનિતાબેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ડે સ્કૂલ, નડિયાદ
Anitaben Devangbhai Patel (Ipcowala) Day School, Nadiad



નીલકંઠ વર્ણી વિદ્યાલય, શિણાય, કચ્છ
Neelkanth Varni Vidyalaya, Shinay, Kutch



ભક્તિનંદન બાલવાડી, વેમાર
Bhaktinandan Balwadi, Vemar

શારદા મંદિર, આનંદ બાલવાડી, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય (ડાહ્યાભાઈ પટેલ પ્રાથમિક શિક્ષણ સંકુલ), અનિતાબેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ડે સ્કૂલ, નીલકંઠ વર્ણી વિદ્યાલય અને ભક્તિનંદન બાલવાડીમાં બાળકોની સંસ્કારયુક્ત કેળવણી, આનંદસભર શિક્ષણ, પ્રશિક્ષણ તથા ચારિત્ર્યવાન જીવનના પ્રથમ પાઠ આરંભ થાય છે.

Sharda Mandir, Anand Balwadi, Gnanyagna Vidyalaya (Dahyabhai Patel Primary Education Complex), Anitaben Devangbhai Patel (Ipcowala) Day School, Neelkanth Varni Vidyalaya, and Bhaktinandan Balwadi provides first lesson of blissful life, cultured upbringing and joyful education.

## Education : Yogi Vidyapeeth led Value-based educational activities pursuing excellence



શ્રી ભીમાણી પ્રાથમિક શાળા, ધારી, અમરેલી
Shree Bhimani Prathmik School, Dhari, Amreli



શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલ, ધારી, અમરેલી
Smt. V.P.G. Girls Highschool, Dhari, Amreli

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના જન્મતીર્થ ગામ ધારીમાં ધારી તાલુકા કેળવણી મંડળ સાથે સહયોગમાં અનુપમ મિશન ગ્રામ્યવિસ્તારમાં શ્રી ભીમાણી પ્રાથમિક શાળા અને શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલ દ્વારા સંસ્કારયુક્ત ઉત્તમ શાળેય શિક્ષણ, પ્રશિક્ષણ પ્રદાન કરવામાં મહત્ સેવા પ્રદાન કરે છે.

In Dhari, the birthplace of Brahmaswarup Yogiji Maharaj, Anoopam Mission, in collaboration with Dhari Taluka Kelavani Mandal, provides excellent education and training through Shri Bhimani Primary School and Smt. V.P.G. Girls High School.



યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી, અમરેલી
Yogiji Maharaj Mahavidyalaya, Dhari, Amreli



'દિશા' કારકિર્દી માર્ગદર્શન અને પરામર્શન કેન્દ્ર
'Disha' Career Guidance & Counselling Centre

'યોગીજી મહારાજ મહાવિદ્યાલય' સંસ્કારયુક્ત ઉચ્ચ શિક્ષણ, પ્રશિક્ષણ દ્વારા દીકરીઓને સ્વાશ્રયી અને સ્વમાનયુક્ત જીવન માટે સક્ષમ બનાવે છે. 'દિશા' કારકિર્દી માર્ગદર્શન અને પરામર્શન કેન્દ્ર વિદ્યાર્થીઓ તથા માતા-પિતાને કારકિર્દી અને જીવન ઉપયોગી માર્ગદર્શન પ્રદાન કરે છે.

'Yogiji Maharaj Mahavidyalaya' provides culturally rich higher education and training to girls enhancing their self-esteem and skill empowerment. 'Disha Career Guidance and Counseling Centre' provides career and life-skill guidance to students and parents.

અનુપમ
મિશન

## પ્રભુનાં સર્જનોની સેવામાં સમર્પિત અનુપમ મિશનનાં ૫૦ વર્ષ

અનુપમ મિશન ચૅરિટેબલ ટ્રસ્ટ એ બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ અન્વયે રજિસ્ટર્ડ થયેલ છે.
તેનો રજિસ્ટ્રેશન નંબર E/1390/Anand. dt. 03-09-2001 છે.
(Original Regd. No. Kheda / E / 2422, Dt. 13-8-1976)

અનુપમ મિશનને દાન અર્પણ કરવા માટે
https://anoopam.org/donatenow/
ડિજિટલ પોર્ટલનો ઉપયોગ કરી શકાશે.




- અનુપમ મિશનને આપેલ આર્થિક સહાય ઈન્કમટૅક્સ ઍક્ટ, 1961ના સૅક્શન ૮૦-G (5) અન્વયે કરમુક્તિને પાત્ર છે.
- અનુપમ મિશન એ ફૉરેન કન્ટ્રિબ્યુશન (રૅગ્યુલેશન) ઍક્ટ, 1976 અન્વયે રજિસ્ટર્ડ થયેલ છે.
- CSR Registration No.CSR00024920 Dt. 19-03-2022 અંતર્ગત અનુપમ મિશન CSR સહયોગ-દાન સ્વીકારવા માટે પાત્ર સંસ્થા છે.
- નીતિ આયોગ રજિસ્ટ્રેશન નંબર : ID : GJ/2017/0117751
- જો આપ અનુપમ મિશનના ભારત કેન્દ્રની સેવાકીય પ્રવૃત્તિઓમાં સહાયરૂપ થવા માગતા હો તો આપના આર્થિક સહયોગનો ચેક “અનુપમ મિશન”ના નામે લખી, હેતુ દર્શાવતા પત્રની સાથે મોકલાવી શકો છો.

Anoopam Mission

# 50 Years of Anoopam Mission in service of God's Creations

Anoopam Mission is a Charitable Trust, registered under The Bombay Public Trust Act, with Registration No. E/1390/Anand dated 3-9-01. (Original Reggd. No. Kheda / E / 2422, Dt. 13-8-1976)

Kindly use digital portal
https://anoopam.org/donatenow/
for offering donation to Anoopam Mission.

ધના-સાક્ષાત્કાર
na-Realization

યુવા ચારિત્ર્યનિર્માણ
Youth Character Building

સ્વાસ્થ્યસેવા અને પર્યાવરણ સંવર્ધન
Health Services & Environmental Conservation

સાંસ્કૃતિક વિકાસ
Cultural Development

પ્રબંધન
Mitigation

- Donation to Anoopam Mission India is tax-eligible for deduction under section 80G(5) of the Income Tax Act, 1961.
- Anoopam Mission is registered under Foreign Contribution (Regulation) Act 1976.
- Anoopam Mission is registered for receiving CSR Contributions under CSR Registration No.CSR00024920 Dt. 19-03-2022
- Niti Ayog Registration No:
  ID: GJ/2017/0117751
- Donation to Anoopam Mission India's charitable work could be done by cheque in favour of "ANOOPAM MISSION" with necessary direction letter for usage.



અક્ષરપુરુષોત્તમ ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ, મોગરી
Akshar Purushottam Technical Institute, Mogri



ડૉ. જિતેન્દ્ર-રીટા પટેલ ઇન્ફર્મેશન ટેક્નોલૉજી સૅન્ટર, મોગરી
Drs. Jitendra & Rita Patel Information Technology Centre, Mogri

'અક્ષરપુરુષોત્તમ ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ', અને 'ડૉ. જિતેન્દ્ર-રીટા પટેલ ઇન્ફર્મેશન ટેક્નોલૉજી સૅન્ટર', મોગરી દ્વારા યુવાઓને વ્યવસાયલક્ષી ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ દ્વારા ઉચ્ચ ટેક્નિકલ અભ્યાસ તથા આર્થિક સ્વાવલંબન માટે સક્ષમ કરાય છે.

Vocational training by Akshar Purushotam Technical Institute and Drs. Jitendra & Rita Patel Information Technology Centre, Mogri, enables youth to pursue higher technical studies and become self-reliant.



શ્રીમતી મધુબહેન ભાનુભાઈ પટેલ મિત્ર પુનર્વસન કેન્દ્ર, મોગરી
Smt. Madhubahen Bhanubhai Patel 'MITRA' Rehabilitation Centre, Mogri



ડૉ. વી.એસ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ લૅંગ્વેજીસ એન્ડ કૉમ્યુનિકેશન સ્કિલ, મોગરી
Dr. V. S. Patel Institute of Languages and Communication Skills, Mogri

માનસિક દૃષ્ટિએ વિશિષ્ટ પ્રશિક્ષણની જરૂરિયાત ધરાવતાં દિવ્યાંગ બાળકો માટે 'શ્રીમતી મધુબહેન ભાનુભાઈ પટેલ મિત્ર પુનર્વસન કેન્દ્ર,' માનસિક દિવ્યાંગો માટે 'ધી શાંતા ફાઉન્ડેશન'-યુ.કે.ના સહયોગથી ચાલતી આશીર્વાદ રૂપ ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ સંસ્થા છે. 'ડૉ. વી.એસ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ લૅંગ્વેજીસ એન્ડ કૉમ્યુનિકેશન સ્કિલ' વિદ્યાર્થીઓને ભાષા તથા પ્રત્યાયનની ઉત્તમ તાલીમ પ્રદાન કરે છે.

With the support of UK-based Shantaba Foundation, Smt. Madhuben Bhanubhai Patel MITRA Rehabilitation Centre is a blessing for children with special needs. Dr. V. S. Patel Institute of Languages and Communication Skills provides excellent training in language and communication skills.



'સહજાનંદ કલાસાધના તીર્થ', મોગરી
સંગીત તથા ભારતીય શાસ્ત્રીય નૃત્ય સાધનાનું પ્રશિક્ષણ કેન્દ્ર

Sahajanand Kala Sadhana Tirth, Mogri
Training centre for music and Indian classical dance.

## આરોગ્યસંભાળ સેવા



શ્રી યોગી આરોગ્ય કેન્દ્ર, મોગરી
Shree Yogi Aarogya Kendra, Mogri

આ કેન્દ્રમાં સૌ માટે નિષ્ણાત દાક્તરી નિદાન અને ઉપચાર ઉપલબ્ધ છે. દંતચિકિત્સા, નેત્રચિકિત્સા તથા ફિઝિયોથેરાપીની સેવાઓ પણ અત્યંત રાહતદરે ઉપલબ્ધ છે. આ કેન્દ્ર અનેક આરોગ્ય શિબિરો પણ યોજે છે.

This Center offers expert medical diagnosis and treatment to all. Dental, ophthalmology and physiotherapy services are also available. The Centre organizes a number of health camps.



અનુપમ સંજીવની આરોગ્ય જાગૃતિ (આશા) પ્રૉજેક્ટ
Anoopam Sanjivani Health Awareness (ASHA) Project

ગુજરાતના નર્મદા જિલ્લાનાં આદિવાસી ગામોમાં 'આશા' પ્રકલ્પ આદિવાસી ભાઈઓ-બહેનોની આરોગ્યસંભાળ માટે આશીર્વાદરૂપ છે

AASHA has proven to be a boon for healthcare in remote tribal villages of Narmada district of Gujarat.

## Healthcare Service



વી. એ. મુનશી પ્રાકૃતિક ઉપચાર કેન્દ્ર, બાકરોલ
V.A. Munshi Nature Cure Centre, Bakrol

આ કેન્દ્રમાં યોગસિદ્ધ આચાર્યો તથા પ્રાકૃતિક ઉપચારના નિષ્ણાત દાક્તરો દ્વારા સૌ માટે અત્યંત રાહતદરે પ્રાકૃતિક ઉપચાર તથા યોગાભ્યાસની સગવડ ઉપલબ્ધ છે. અહીં નિવાસી ઉપચાર સુવિધા પણ ઉપલબ્ધ છે.

Yoga gurus and doctors at this Centre who are experts in natural healing offer facilities of natural cure and yoga practice with facilities for residential treatment at affordable cost.



અનુપમ મિશન મહિલા આરોગ્ય અભિયાન (AMMA)
Anoopam Mission
Mahila Aarogya Abhiyan (AMMA)

AMMA પ્રકલ્પ મહિલા આરોગ્ય, ગર્ભવતી માતા માટે તપોવન કેન્દ્ર સહિત મહિલા તથા શિશુ સ્વાસ્થ્ય માટે અનેક સેવાઓ ઉપલબ્ધ છે.

AMMA project provides health services for women, including Tapovan Center for pregnant mothers and infant health.

## સમુદાય સેવા અને રાહત સેવાકાર્ય



નેત્ર ઉપચાર-સંભાળ સેવાયજ્ઞ
Eye Care Service Camp



આંખ અને દંતસંભાળ મોબાઈલ ક્લિનિક
Eye & Dental Care Mobile Clinic



આરોગ્ય જાગૃતિ શિબિર
Health Awareness Programme



પર્યાવરણ સંવર્ધન
Environmental Conservation

અનુપમ મિશન દ્વારા સમુદાય સેવાના અનેક પ્રકલ્પોમાં આરોગ્ય સંવર્ધન અંતર્ગત નિયમિત રૂપે 'નેત્ર ઉપચાર-સંભાળ સેવાયજ્ઞ', મૉબાઈલ ક્લિનિક દ્વારા 'આંખ અને દંતસંભાળ સેવાયજ્ઞ', રક્તદાન તથા આરોગ્ય જાગૃતિ શિબિરનાં આયોજન થાય છે.

ગુરુહરિ સંતભગવંત સાહેબજી પર્યાવરણ સંવર્ધન વિશે અત્યંત સંવેદનશીલ છે. તેથી, અનુપમ મિશન દ્વારા નિયમિતપણે પર્યાવરણ સંવર્ધન માટે વૃક્ષારોપણ સહિત અનેક સેવાકાર્યો સમુદાયના સહયોગથી અર્પણ કરાય છે. નર્મદા જિલ્લાનાં આદિવાસી ગામોમાં પણ ફળદાયી વૃક્ષોનાં વાવેતર અને સંવર્ધન દ્વારા પર્યાવરણ સુરક્ષા તથા આદિવાસી ગ્રામજનોના આર્થિક વિકાસનાં બમણાં લક્ષ સિદ્ધ થાય છે.

Anoopam Mission organizes many community service projects under the health promotion programme, including regular eye-care service through mobile clinics, dental care service, blood donation and health awareness camps.

Guruhari Sant Bhagwant Sahebji is very sensitive about environmental conservation. Thus, Anoopam Mission regularly organizes many services including tree plantation for environmental protection with the cooperation of the community. In tribal villages of Narmada district, the double goal of environmental protection and economic development of tribal villagers is achieved by planting and cultivating fruit-bearing trees.

## Community and Relief Services

સમુદાયના સહયોગથી અનુપમ મિશન માતૃભૂમિનાં બાળકોનાં શિક્ષણ તથા વિકાસ સેવાકાર્ય, શાળાનાં બાળકો માટે રમકડાંની લાઈબ્રેરી અને ભોજન સહિત બાળવિકાસ તથા સર્વાંગી સંસ્કારયુક્ત પ્રશિક્ષણનાં અનેક સેવાકાર્યો સમાજને અર્પણ કરે છે. આ સેવાકાર્યો દ્વારા સમાજના અલ્પવિકસિત તથા જરૂરિયાતમંદ પરિવારનાં બાળકોને પૌષ્ટિક ભોજન, પ્રસન્ન જીવન તથા જીવન ઉપયોગી પ્રશિક્ષણ નિ:શુલ્ક સુલભ થઈ રહ્યાં છે. યુવાઓના સર્વાંગી વિકાસ તથા સંસ્કારસભર જીવનશૈલી વિકાસ અર્થે યુવાશિબિરોની સાથે વરિષ્ઠ નાગરિકોની સેવા, આરોગ્યસંભાળ તથા પ્રસન્ન જીવન માટે અનુપમ મિશન સેવાપ્રવૃત્ત છે. 'શાલીન માનવરત્ન' સન્માન પ્રદાન દ્વારા અનુપમ મિશન માનવસેવા માટે સમર્પિત સમાજના શ્રેષ્ઠીઓનાં અભિવાદન-સન્માન દ્વારા સૌને માટે તેઓનાં પ્રેરણાદાયી જીવનના પરિચય કરાવે છે.

With community support, Anoopam Mission offers many services to society, including education, training and development for children, and a toy library and meals for school children. Through these services, children from under-privileged and needy families of society are getting access to nutritious food, a happy life and useful training free-of-cost. Anoopam Mission is engaged in health care and a happy life services for senior citizens along with organization of youth camps for the all-round development of the youth. By conferring the "Shalin Manav Ratna Award", Anoopam Mission recognizes distinguished personalities dedicated to humanitarian service.



માતૃભૂમિનાં બાળકોનાં શિક્ષણ તથા વિકાસ સેવાકાર્ય
Children of the Mother Soil and Joy of Giving



રમકડાંની લાઈબ્રેરી તથા શાળાનાં બાળકો માટે ભોજન
Toy Library and Meals for School Children



યુવાશિબિરો તથા વરિષ્ટ નાગરિકોની સંભાળ
Youth Camps and Senior Citizens Care



શાલીન માનવરત્ન સન્માન
Shalin Manav Ratna Award

## સમુદાય સેવા અને આપદા રાહતસેવા Community Service and Disaster Relief



શિષ્યવૃત્તિ, પુરસ્કારો અને સન્માન
Scholarships, Prizes and Awards



પૂર, મહામારી રાહતકાર્ય અને ખાદ્યવિતરણ સેવા
Flood Relief, Pandemic Relief and Food Distribution Service



ભૂકંપ, દુષ્કાળ રાહત અને પુનર્વસન સેવાશિબિર
Earthquake, Drought Relief and Rehabilitation Camp



ૐ અંત્યેષ્ટિ સંસ્કારગૃહ, ડેન્હમ, યુ.કે.
AUM Crematorium, Denham, U.K.

અનુપમ મિશન દ્વારા પ્રતિવર્ષ તેજસ્વી વિદ્યાર્થીઓનાં સન્માન તથા પ્રોત્સાહન સ્વરૂપે અનેક શિષ્યવૃત્તિઓ, પુરસ્કારો તથા પારિતોષિકો એનાયત કરવામાં આવે છે.

ભૂકંપ, પૂર, દુષ્કાળ, અને કોવિડ-૧૯ વૈશ્વિક મહામારી જેવી પ્રાકૃતિક કે માનવસર્જિત આપદાના સમયે અનુપમ મિશન સદાય સમાજસેવા અને રાહતનાં કાર્યોમાં અગ્રેસર રહ્યું છે.

યુનાઈટેડ કિંગ્ડમના ડેન્હમ નગરમાં સ્થિત અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ઈંગ્લૅન્ડ તથા યુરોપનું સર્વ પ્રથમ એવું સમર્પિત હિન્દુ અંત્યેષ્ટિ સંસ્કારગૃહ સાકાર થઈ રહ્યું છે. ઈંગ્લૅન્ડ તથા સમગ્ર યુરોપમાં વસતા હિન્દુ, જૈન તથા શિખ પરિવારો માટે આ અંત્યેષ્ટિ સંસ્કારગૃહ પ્રભુનાં આશીર્વાદ અને કૃપા તથા સંતભગવંત સાહેબજીની દિવ્ય સંકલ્પશક્તિનું સાકાર પરિણામ છે.

Anoopam Mission recognizes and rewards meritorious students every year with scholarships and awards.

The Mission has always been at the forefront of social service and relief work during natural and man-made disasters like earthquakes, floods, droughts and the COVID-19 pandemic.

"AUM", the first dedicated Hindu crematorium in the U.K. and Europe is being built at Brahmajyoti, the Tapobhoomi of Anoopam Mission in Denham, United Kingdom. This crematorium-a boon for Hindu, Jain and Sikh families living in England and across Europe is a perceptible result of the blessings and grace of God and the divine resolve of Sant Bhagwant Sahebji.

## સમુદાય સેવા

## Community Services



કુ. મણિબહેન વલ્લભભાઈ પટેલ કન્યા છાત્રાલય, ધારી
Ms. Maniben Vallabhbhai Patel
Girls Hostel, Dhari




યોગીહૃદય કુમાર છાત્રાલય, મોગરી
Yogi Hriday Boys Hostel,
Mogri

અનુપમ મિશન દ્વારા કન્યાઓ માટે કુ. મણિબહેન વલ્લભભાઈ પટેલ છાત્રાલય, ધારી તથા કુમારો માટે યોગીહૃદય છાત્રાલય, મોગરી ખાતે સેવામાં સમર્પિત છે.

Anoopam Mission provides facility of two hostels - one each for girls and boys : Ms. Maniben Vallabhbhai Patel Girls Hostel, Dhari and Yogi Hriday Boys Hostel, Mogri.

## અનુપમ મિશનનાં વિશ્વવ્યાપી કેન્દ્રો
## Anoopam Mission's Worldwide Centres

| Country | Centre | Name / Address | Phone / Mobile |
|---|---|---|---|
| Australia | Brisbane | Dilipbhai Bhoola | +61 417 089 223 |
| Australia | Melbourne | Vipulbhai Patel | +61 433 185 138 |
| Australia | Perth | Sanjaybhai Patel | +61 413 686 909 |
| Australia | Sydney | Dipenbhai Rughani | +61 400 000 090 |
| Australia | Adelaide | Nisargbhai Trivedi | +61 410 719 445 |
| Canada | Toronto | Dhavalbhai Patel | +1 416 473 6018 |
| Canada | Vencouver | Nehalbhai Patel | +1 778 668 6952 |
| New Zealand | Auckland | Johnubhai Shah | +64 211 806 480 |
| UK | Denham | The Lea, Western Avenue, Denham, Uxbridge, Middx. | +44 7940 937375 |
| USA | Allentown | 2120 Clearview Road, Coplay, PA 18037. | +1 610 636 6548 |
| USA | Florida | 4685 US 98 South, Lakeland, FL 33812. | +1 863 698 8342 |
| USA | Los Angeles | 12186, Front Street, Norwalk, CA 90650 | +1 714 225 3063 |
| USA | Peoria | Bimalbhai Sheth, IL 61615 | +1 309 453 9676 |
| USA | Richmond | 2126 Wilis Road, Richmond VA 23237 | +1 804 283 1974 |
| USA | San Fransisco | Bhaveshbhai Patel, CA 94587 | +1 650 222 3663 |

# અનુપમ મિશન, ભારતનાં કેન્દ્રો
# Anoopam Mission's India Centres

| District | Centre | Name / Address | Phone / Mobile |
|---|---|---|---|
| Ahmedabad | Ahmedabad | Upasana Dham, Opp. Pushparaj Towers, Off Judges Bunglow Road, Bodakdev, Amdavad-380 054 | +91 99044 00451<br>+91 98253 00688 |
| Amreli | Bhingrad | Sureshbhai Mangukia | +91 94286 33238 |
| Amreli | Dhari | Yoginagar, Dhari-365 640 | +91 99044 00413 |
| Anand | Khambhat | Miraben Shastri | +91 98246 37380 |
| Anand | Mogri | Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345 | +91 2692 230483 / 230544 |
| Anand | V.V. Nagar | Jayendrabhai Patel, Sonaba Aashish Bhuvan | +91 94270 04888 |
| Aravalli | Sathamba | Vasantbhai Patel | +91 94283 14637 |
| Bharuch | Ankleshwar | A/7, Aaditya Nagar, Ghodkhol Patiya, Po. Ankleshwar-393 010 | +91 90999 10901 |
| Fatehpur | Gurgaula (UP) | Satyendra Singh | +91 97941 75332 |
| Gandhinagar | Dehgam | Vadibhai Patel | +91 94270 45495 |
| Gir Somnath | Mathasuria | Rameshbhai Dodia | +91 63528 10032 |
| Junagadh | Junagadh | Thobhanbhai Dodia | +91 94274 25162 |
| Junagadh | Manavadar | At River Bank, Baug Darwaja, Manavadar-362 630 | +91 94280 87642 |
| Kheda | Nadiad | Sunilkumar Pandya | +91 99250 38120 |
| Kutch | Shinay | Upasana Dham, Yogipuram Township, Shinay-370 205, Ta. Gandhidham | +91 94265 79175 |
| Morbi | Morbi | Maheshbhai Ambani | +91 98251 05262 |
| Morbi | Nani Vavdi | Jayeshbhai Rupala | +91 99048 32080 |
| Mumbai | Borivali | Maulikbhai Adhvaryu | +91 98195 49098 |
| Navi Mumbai | Mumbai | Plot No. 24, Opp. Adhiraj Garden, Sector 5, Kharghar, Navi Mumbai-410 210 | +91 98924 70685 |
| Rajkot | Rajkot | Mukundbhai Sarvaiya | +91 99240 52566 |
| Surat | Barasadi | Yogeshbhai Patel | +91 98794 24146 |
| Surat | Surat | Block No. 1-2, Gujarat Housing Board Society, Nr. Bombay Market, Umarvada, Surat-395 010 | +91 92279 22800<br>+91 82381 99999 |
| Vadodara | Vemar | Upasana Dham, At & Po : Vemar-391 240, Ta. Karjan. | +91 79847 80595 |
| Vadodara | Bhagatji Tirth | Mehulbhai Patel | +91 98244 38936 |

## ગુરુહરિ સંતભગવંત સાહેબજી

પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી અનુપમ મિશનના સંસ્થાપક ગુરુહરિ છે.

બ્રહ્મલીન બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે ૧૯૬૬ના મે માસની ૧૪મી તારીખે પોતાના પરમ શિષ્યોમાંના એક ૨૬ વર્ષના યુવાન જશભાઈને (ગુરુહરિ સાહેબજીને) એક નૂતન સંન્યાસની આધ્યાત્મિક ઉત્ક્રાંતિની પરંપરાના ઉદ્ભવના નિર્દેશ આપી, આજ્ઞારૂપી પરાવાણી ઉચ્ચારી; તેઓએ કહ્યું, 'તમને બધાને સાધુ કરવા છે, પણ ભગવાં વસ્ત્ર નથી આપવાં, આનાં આ જ કપડે (સામાન્ય વસ્ત્રોમાં જ) સાધુ કરવા છે, તમે સંસારમાં જશો નહીં, તમારાં સૌનાં હૃદય ભગવાં કરવા છે !' એ પાંચ મહાવાક્યોએ ભારતીય સંન્યાસની પરંપરામાં એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિના આરંભ કર્યા.

અનુપમ મિશનના ભગવાંહૃદયી સંતો સુશિક્ષિત છે; ડૉક્ટર્સ, ઍન્જિનિયર્સ, શિક્ષણવિદ્, ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ્સ, કૃષિ-ઉદ્યોગ-પ્રબંધનના નિષ્ણાતો છે. આ સંતો પોતાનાં જ્ઞાન અને કૌશલ્યને ગુરુની આજ્ઞા અનુસાર 'શ્રીમદ્ભગવદ્ગીતા' પ્રબોધિત નિષ્કામ કર્મયોગમાં પ્રવૃત્ત રહે છે. તે દ્વારા જે કંઈ આર્થિક ઉપાર્જન થાય તેમાંથી અનુપમ મિશનના આશ્રમ-નિર્વાહ કર્યા પછી શેષ સઘળી રાશિના સંતભગવંત સાહેબજીનાં માર્ગદર્શન અનુસાર સમાજના શ્રેષ્ઠીજનોના સહયોગથી અનેક પ્રકારની માનવીય, પર્યાવરણીય અને સમાજસેવાનાં ભક્તિરૂપ સેવાકાર્યો માટે ઉપયોગ કરે છે.

પ્રગટ ગુરુહરિ સાહેબજીની જીવનભાવના છે : Think Positive! સવળું વિચારો. સદાય સૌના ગુણ જુઓ. માનવજીવનના આધ્યાત્મિક ઈતિહાસમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદથી પાંગરી રહેલું અનુપમ મિશન અજોડ છે; એક મહાન આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું દ્યોતક છે. આ મિશનના પ્રણેતા પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી આધુનિક યુગમાં વિજ્ઞાન-અધ્યાત્મ-ભક્તિરૂપ કર્મયોગના સમન્વયકર્તા વિશ્વના એક દિવ્ય યુગદ્રષ્ટા વિશ્વવંદનીય વિભૂતિ છે ! ◆

## Guruhari Sant Bhagwant Sahebji

Guruhari Sant Bhagwant Sahebji is the founder of Anoopam Mission.

On 14th May 1966, Brahmaswarup Gurudev Yogiji Maharaj conveyed a directive to one of his supreme disciples, a 26-year-old young man Jashbhai (Guruhari Sahebji), to initiate a new tradition of sanyas. He said, 'I wish you all to become a sadhu without saffron clothes, become a sadhu in ordinary clothes only, do not attach yourself to worldly affairs, I shall transform your heart to become a sadhu with a saffron heart!' Those divine statements led to a unique spiritual evolution in the tradition of Indian sanyas.

The saints of Anoopam Mission are well-educated. They are doctors, engineers, educationists, chartered accountants, experts in agriculture, industry and management. These saints employ their knowledge and skills in economically productive activities while steadfastly following Shrimad Bhagwad Gita's principles of Nishkam Karma Yoga as prescribed by the Guru. After funding the sustenance of the Mission through such fiscal self-reliance, residual money is used for various types of human, environmental and social, spiritual and devotional services as per the guidance of Guruhari Sahebji, with the help of the donors and society.

The philosophy of Guruhari Sahebji is simple: Think Positive! Always see the good qualities of all. In the spiritual history of human life, Anoopam Mission is a unique spiritual organization; it is a birthplace of a great spiritual evolution. The pioneer of this mission, Sant Bhagwant Guruhari Sahebji, is a divine sage personality, a legendary guide of a harmony of Karma Yoga, Bhakti Yoga with science in the modern era! ◆



શ્રી ઠાકોરજી મહારાજનાં શ્રી ચરણોમાં ગુરુહરિ સંતભગવંત સાહેબજીની નિશ્રામાં
અનુપમ મિશનના સ્થાપક સદ્‌ગુરુ સંતો

Founder Sadguru Saints of Anoopam Mission
with Guruhari Sant Bhagwant Sahebji at the Lotus Feet of Shree Thakorji